'' સાફલ્યગાથા ''
તા.૨૩/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭

**મુદ્દા નંબર (૧)** **જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની '' સેતુ '' એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.
- કામરેજ પો.સ્ટે ગુમ જા.જો.નં.૦૭/૨૦૧૬ ના કામે ગુમ થનાર – મીતલબેન D/O દિપકભાઇ વઘાસીયા ઉ.વ.૨૨ રહે,કુમકુમ રેસીડેન્સી તા.કામરેજ જી.સુરત નાની તા.૨૪/૦૧/૨૦૧૭ના રોજ પરત મળેલ છે.
- કોસંબા પો.સ્ટે ગુમ જા.જો.નં.૨૪/૨૦૧૬ ના કામે ગુમ થનાર – આકીબ S/O મજહરહુસેન ઇકરામહુસેન શેખ ઉ.વ.૧૯ રહે.કુંવરડા તા.માંગરોલ નાનો તા.૧૭/૦૧/૨૦૧૭ના રોજ પરત મળેલ છે.
- કોસંબ પો.સ્ટે ગુમ જા.જો.નં ૧૫/2017 કામે ગુમ થનાર – (૧)ફરજાના ઇબ્રાહિમ પટેલ (૨) ઐયાઝ ઇકબાલ પટેલ (૩) અસદ ઇકબાલ ઇબ્રાહિમ પટેલ રહે,જુના કોસંબા ઉમરફારુક એપાર્ટમેંટ,ત્રીજો માળ રૂમ નં/૧૪ તા.માંગરોલ જી.સુરત નાનો તા.૨૫/૦૧/૨૦૧૭ ના રોજ પરત મળેલ છે.
- ઓલપાડ ગુમ જા.જો નં.૦૧/૧૭ ના કામે ગુમ થનાર દક્ષાબેન W/O શૈલેષભાઇ પરમાર રહે,સાયણ સાંઇ નગર-૪૭ તા.ઓલપાડ જી.સુરત નાની તા.૨/૦૧/૨૦૧૭ ના રોજ પરત મળેલ છે.
- કોસંબા ગુમ જા.જો.નં૦૪/૧૭ ના કામે ગુમ થનાર યુવરાજસિંહ હિતેન્દ્રસિંહ વાસિયા રહે, લીમ્બાડા મંદિર ફળિયુ તા. માંગરોલ જી.સુરત નાનો તા.૨૩/૦૧/૨૦૧૭ના રોજ પરત મળેલ છે.
- ઓલપાડ ગુમ જા.જો.નં. ૦૨/૨૦૧૭ ના કામે ગુમ થનાર પ્રદિપસિંહ રણબહાદુરસિંહ રાજપુત રહે,સાયણ સિધ્ધી સોસા.રૂમ .ન.૭૭ તા,ઓલપાડ જી.સુરત નાનો તા.૨૨/૦૧/૨૦૧૭ ના રોજ પરત મળેલ છે,

**જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી**

- બારડોલી પો.સ્ટે I ગુ.ર.નં. ૦૩ /૨૦૧૭ IPC કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા MVAct ૧૭૭,૧૮૪ મુજબ ના ગુનાના કામે આરોપી નિકિતાબેન રાજીવભાઇ રમેશભાઇ પટેલ ની પત્ની રહે શિવ શક્તિ રેશી સોસાયટી ધામડોધ તા:બારડોલી જી.સુરતનાનીને તા.૨૩/૦૧/૨૦૧૭ કલાક ૧૪/૦૦ વાગે અટક કરેલ છે.
- કામરેજ I ૨૨/૨૦૧૭ IPC ૩૭૯,૧૧૪ મુજબ ના ગુનાના કામે આરોપીઓ (૧) રામદાસભાઇ ગિરધરભાઇ સિંદે રહે- કામરેજ ગામ તળાવ ફળીયું તા-કામરેજ જી-સુરત (૨) સુનીલભાઇ રામદાસભાઇ સિંદે રહે- કામરેજ ગામ તળાવ ફળીયું તા-કામરેજ જી-સુરત (૩) રામસિંગભાઇ મોછુભાઇ ગામીત રહે-કામરેજ ગામ પાદર ફળીયું તા-કામરેજ (૪) સુભાષ કાશીરામ આહિરે રહે- કામરેજ પાદર ફળીયું તા-કામરેજ નાઓને તા-૨૫/૦૧/૨૦૧૭ કલાક-૧૪/૧૫ વાગે અટક કરેલ છે.
- માંડવી પો.સ્ટે. I -૧૫/૨૦૧૭ IPC કલમ 379,114 મુજબ ના ગુનાના કામે આરોપીઓ ૧. વિનોદભાઇ રારામભાઇ ચૌધરી રહે - નાનીચેર કોલીવાડ ફળીયું તા.માંડવી જી.સુરત ૨. અંકિશભાઇ છોટુભાઇ ચૌધરી રહે - નાનીચેર કોલીવાડ ફળીયું તા.માંડવી જી.સુરત ૩. દિનેશભાઇ ગણપતભાઇ ચૌધરી રહે - નાનીચેર કોલીવાડ ફળીયું તા.માંડવી જી.સુરત નાઓને તા-૨૮/૦૧/૨૦૧૭ કલાક- ૧૮/૩૦ વાગે અટક કરેલ છે.



# ચોર્યાસી ટોલનાકાથી 25 લાખથી વધુનો દારૂ ભરેલું કન્ટેનર પકડાયું

## વિદેશી દારૂ, બિયરનો જથ્થો તથા કન્ટેનર મળી કુલ 44 લાખનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | કામરેજ

કામરેજ પોલીસે મોડીરાત્રીના ચોર્યાસી ટોલનાકા પરથી બાતમીના આધારે દમણ વિદેશી દારૂ ભરીને જતા કન્ટેનરને પકડી પાડી અંદરથી 26810 બોટલ નંગ

દારૂ ભરેલ કન્ટેનર ઝડપી લેવાયું.

દમણથી વિદેશી દારૂનો જથ્થો ભરીને કન્ટેનર (જીજે 6 વાય 8357)માં અમદાવાદ તરફ જઈ રહ્યો છે. જે આધારે પીએસઆઈ એમ. બી. ગોહિલ તથા જમાદાર રમેશભાઈ, નરેશભાઈ, મહેન્દ્રભાઈ સાથે કામરેજ તાલુકાના ચોર્યાસી ગામની સીમમાં

પોલીસને જોઈ નાસી છુટયો હતો. કન્ટેનરમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂ તથા બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કુલ્લે 26810 બોટલ નંગ કિંમત-25,18,200 તથા કન્ટેનર કિંમત 19,00,000 કેબીનમાંથી મળી આવેલા સેમસંગ

# તાંતીઝઘડાનો મહિલા બુટલેગર પાસા હેઠળ

બારડોલી | પલસાણાના તાંતીઝઘડા ખાતે દેશી દારૂના પીઠા ચલાવતી મહિલા ઉપર 2016 દરમિયાન 5 જેટલા ગુના નોંધાતા મહિલાને પાસા હેઠળ અટકાયત કરાઈ હતી. તાંતીઝઘડા ખાતે રહેતી ભારતી જયેશ રાઠોડ (35)નાઓ દેશીદારૂના પીઠા ચાલાવતી હોય 2016 દરમિયાન તેમના 5 દેશી દારૂના કેશ કરાતાં પાસા હેઠળ અટકાયત કરવાની દરખાસ્ત કરતાં જિલ્લા કલેક્ટર મંજૂરી આપતાં ભારતીની અટકાયત કરી અમદાવાદ સેન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં આવી છે

# ઉંમરપાડા પોલીસની કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું

ભાસ્કર ન્યૂઝ | વાંકલ

સુરત જિલ્લા ઉંમરપાડા તાલુકા મથક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોસઈ ડી. આર. વસાવા સહિત બે પોલીસ જવાનોને

ઘરેથી ચાલી ગઈ હતી. જે અંગે બાળાના પિતાએ કોસંબા પોલીસ મથકમાં ગૂમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ઉંમરપાડા પોલીસ મથકના પોસઈ ડી. આર. વસાવએ 12-12-2016ના રોજ સવારે કોંબા

C:\Users\adm

# પુણી ગામની સીમમાં વિદેશી દારૂ ભરેલી કાર પલટી ગઇ

## ૪૩ હજાર રૂપિયાનો દારૂ મળી આવ્યો, ચાલક ફરાર

C:\Users\ad

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

પલસાણા તાલુકાના પુણી ગામની સીમમાં બારડોલી તરફ જતા રસ્તાની બાજમાં એક વિદેશી દારૂ



છે. અને કારમાં વિદેશી દારૂનો જથ્થોભર્યો છે. જે હકીકતને આધારે પોલીસ સ્ટાફના માણસો ઘટના સ્થળે પહોંચતા સ્કોડા કાર નં (GJ-5CJ-9151)માં પરપ્રાંત

# કામરેજ પોલીસે કબજે કરેલો દારૂ ચોરનારા મજૂરો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | કામરેજ

કામરેજ પોલીસે ચોર્યાસી ટોલનાકા પરથી પકડેલા દારૂને કન્ટેનરમાંથી ઉતારવા માટે આવેલા મજુરો જ 1400 નો દારૂ ચોરી જવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ હતી.

ચાર દિવસ અગાઉ કામરેજ પોલીસે મોડીરાત્રીના ચોર્યાસી ટોલનાકા પરથી બાતમીના આધારે દમણ વિદેશી દારૂ ભરીને જતા કન્ટેનરને પકડી પાડ્યો હતો. જેમાંથી 26810 બોટલ નંગ કિંમત 25,18,200 મળી કુલ્લે 44,18,700નો મુદામાલ પકડી પાડયો હતો.જે કન્ટનેર કામરેજ પોલીસ મથકમાં લાવીને મુકવામાં આવ્યુ હતુ. વિદેશી દારૂનો જથ્થો ઉતારવા માટે કામરેજ ગામમાં જ અલગ-અલગ જગ્યાએ રહેતા મજુરો રામદાભાઈ ગિરધરભાઈ સિંદે, સુનિલભાઈ રામદાસભાઈ સિંદે, રામસિંગભાઈ મોછુભાઈ ગામીત, સુભાષ કાશીરામ આહિર બોલાવવા માં આવ્યા હતા. કન્ટેનરમાંથી દારૂ ઉતારતી વેળાએ હાજર પોલીસની નજર ચૂકવીને ચારેય મજુરોએ 180 એમ એલની 20 બોટલ કિંમત 1200 તથા બીયરના ટીન બે નંગ કિંમત 200 મળી કુલ્લે 1400નો મુદામાલનો વિદેશી દારૂ ચોરી કરી ગયા હતાં. આ ઘટના અંગે જિલ્લા પોલીસવડા નિર્લિપ્ત રાયને જાણ થતાં તેઓ લાલઘૂમ થયા હતાં. સમગ્ર બાબતે પોલીસ સ્ટેશનના સીસીટીવી કેમેરાના ફૂટેજો સહતિ અન્ય હકીકતો તપાસ કરવાનો હુકમ કર્યો હતો. તપાસ કર્યા બાદ વિદેશી દારૂનો મુદ્દામાલ ખાલી કરવા આવેલા મજૂરોની હકીકત ધ્યાને આવી હોય તેમના વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ગુનોનોંધાતા ચકચાર મચી ગઈ હતી. આ પ્રકરણ પોલીસ બેડામાં ભારે ચકચાર જગાવી હતી.

# કરણ ગામમાં 8000 હજારના વિદેશી દારૂ સાથે 1 ઝડપાયો

**ભાસ્કર ન્યૂઝ | બારડોલી**

પલસાણા પોલીસે કરણ પાટીયા નજીક એક મોટરસાઈકલ ઉપર સુરતના એક બુટલેગરને સ્કૂલબેગમાં 61 નંગ વિદેશીદારૂની બોટલ કિંમત રૂપિયા 8250 સાથે ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ પલસાણા પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન પલસાણા તાલુકાનાં કરણ ગામની સીમમાં ને.હા. નં 8 ઉપરથી સુરતના ગોડાદરા આસપાસ ખાતે રહેતા વિશ્વનાથ કાશીનાથ સાવ નાઓને એક સુઝુકી મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યો હતો. જેમની પાસેની એક સ્કૂલબેગમાંથી પરપ્રાંત બનાવટની 61 નંગ વિદેશીદારૂની બોટલ જેની કિંમત રૂપિયા 8250તેમજ સુઝુકી મોટરસાઈકલની કિંમત 35000 મળી કુલ 43250 રૂપિયાના મુદ્દામાલ કબ્જે લઈ પલસાણા પોલીસ સ્ટેશનમા ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કડોદરાથી વિદેશી દારૂની 1003 બોટલ મળી આવી

બારડોલી | કડોદરા પોલીસને બાતમી મળી હતી કે પલસાણા તાલુકાનાં કડોદરા ખાતે ક્રિષ્નાનગરમાં ગીતમહેલ ટોકીઝની સામે દુર્ગા ફળિયામાં પરપ્રાંત બનાવટનો વિદેશી દારૂનો જથ્થો છે. બાતમીના આધારે દરોડા પડતાં પોલીસને સ્થળ પરથી 1003 બાટલી કિમ્મત રૂ. 54 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી સિદ્ધૂ શિવકુમાર પરમાર, રાજૂ ઉર્ફે હલકટ તેમજ અજયનાઓ ભાગી છૂટ્યા હોય તેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

'ચાનો ભાવ શુ છે' તેમ પુછતાં પાટીદાર યુવકની હત્યા કરાઇ હતી

# વલથાણ પાસે થયેલી હત્યામાં ચાર મહિલા સહિત 5 પકડાયાં

ભાસ્કર ન્યુઝ | કામરેજ

વલથાણ નહેર પાસે શનિવારના રોજ નવસારી મંદિરેથી ઘરે આવતા બે મિત્રો ચા પિવા ઉભા રહેતા ચા નો ભાવ શુ છે તેમ પુછતા ચાની લારી ચલાવતી ચાર મહિલા સહિત એક ઈસમે ચાનો ભાવ પુછનાર ઈસમને લાકડાના સપાટા વડે માર-મારી હત્યા કરી નાંખતા રવિવારના રોજ કામરેજ પોલીસે હત્યારા ચાર મહિલા સહિત એક ઈસમને પકડી પાડયા હતા.

કામરેજ ચાર રસ્તા પાસે મીરા બંગ્લોઝ સોસાયટીમાં રહેતા જયેશભાઈ ઉર્ફે જેકી રમણભાઈ પટેલ(50) (મુળ રહે-સાંઘીયેર, તા.ઓલપાડ)શનિવારના રોજ સોસાયટીમાં જ રહેલા મિત્ર અમલભાઈ પટેલની હોન્ડા સીટી કાર લઈને નવસારીમાં શનિદેવના મંદિરે દર્શન કરી જયેશભાઈના ભાઈ યોગેશભાઈના ઘરે બેગ આપવા માટે ગયા હતા.બપોરના 2.30 કલાકે હાઈવે નંબર 8 પર વલથાણા પાટીયા પાસે જયેશભાઈને ચા પીવા માટે ચાની લારી પાસે ઉભી રાખી જયેશભાઈએ ચાની લારી પર ચા પીધી બાદ ચાની લારી પર ચાર મહિલા અને એક ઈસમ હતા. ત્યારે જયેશભાઈએ મહિલાને ચાનો શુ ભાવ છે તેમ પુછતા મહિલાની બાજુમાં બેઠેલા ઈસમને મહિલાએ જણાવેલ આ ભાઈ મને શુ ભાવ છે તેમ પુછે તેમ જણાવતા અજાણ્યો ઈસમ તથા ચારયે મહિલાઓ ચાની લારીની બાજુમાં પડેલુ લાકડુ લઈને જયેશભાઈને મારી હત્યા કરી નાંખી હતી જેમાં રવિવારના રોજ કામરેજ પોલીસે હત્યા કરનાર જશવીંરસિંહ ઉર્ફે બંટી ગુલઝારસિંગ ચૌધરી (હાલ રહે-વલથાણ મુળ રહે-પટોલી તા-મુકેરીયા, પંજાબ), વર્ષાબેન મુકેશભાઈ કોળી પટેલ (રહે-વલથાણ જુનુ હળપતિવાસ), ભારતીબેન અલ્પેશભાઈ પટેલ (રહે-જય અંબેનગર પાલ), દિવ્યાબેન તુષારભાઈ પટેલ (રહે-મણીપુષ્પક સાયણ), હિનાબેન મુકેશભાઈ કોળી પટેલ રહે-વલથાણા જુનુ હળપતિ વાસ)ની ધરપકડ કરી સોમવારના રોજ કામરેજ મામલતદાર કચેરી ખાતે મામતલદાર સમક્ષ ઓળખ પરેડ કરવામાં આવી હતી.વધુમાં હત્યા કરનાર ચારેય મહિલામાં ત્રણ સંતાન અને માતાનો સમાવેશ થાય છે. પોલીસે હત્યામાં વપરાયેલા લાકડા પણ કબજે કર્યો હતા.

# ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમમાં ટ્રાફિક નિયમ તોડનારાઓને ફૂલ આપી સમજ આપાઈ

## રિક્ષા પાછળ બેનર લગાવી ટ્રાફિક અંગે જાગૃતતા લાવવા અપિલ કરી

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

અખિલ ભારતી તેરાપંથ યુવક પરિષદના માર્ગદર્શન હેઠળ તેરાપંથ સમાજ બારડોલી દ્વારા કિશોર મંડળ અને કન્યા મંડળના સહકારીથી મિશન 'સુરક્ષિત રાહે 2017' ના અન્વયે ટ્રાફિક જાગૃતિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં બારડોલી પીઆઈ વી. એ. દેસાઈ, પીએસઆઈ પી. પી. વસાવા, એએસઆઈ રાજનભાઈ અને કનુભાઈના માર્ગદર્શન હેઠળ ને.હા નં 6 પર જકાતનાકા પર ઉપપ્રમુખ મહાવીરભાઈ, રાજેશભાઈ, પંકજભાઈના હસ્તે પોલીસ કર્મચારીનું સન્માન કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન 250થી વધુ વાહનો પર જનજાગૃતિ અભિયાનના સ્ટીકર, હેડલાઈટ પર પીળી પટ્ટીઓ લગાવવામાં આવી હતી.

આ ઉપરાંત સીટબેલ્ડ, હેલ્મેટ કાચની ફિલ્મી પટ્ટીઓ, નોપાર્કિંગ જેવા કાયદાઓના ઉલ્લંઘન કરનાઓને વિવિધ કાર્ડ, બેનરો અને ફૂલ આપી ટ્રાફિકના નિયમ અંગ સમજણ આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન પીએસઆઈએ જણાવ્યું હતુ કે અકસ્માતમાં થયેલ વધારો ચિંતાજનક છે. જે દેશના દરેક નાગરિકમાં યોગ્ય રીતે વાહન ચલાવવા અંગે જાગૃતિ અને કેળવણી હોય તો દેશના કોઈપણ ભાગના ટ્રાફિક નિયંત્રણ પોલીસની જરૂરિયાત રહેતી નથી અને તેમણે તેરાપંથ યુવા મંડળની કામગીરીની સરાહના કરી હતી. આ અભિયાન અંતર્ગત 20થી વધુ રિક્ષાઓ પર બેનરો દ્વારા જાગૃતિ સૂચક સુવાક્ય દ્વારા સંદેશ ફેલાવવામાં આવ્યો હતો. કમિટી સદસ્ય શાહિલ બાફના, અને પુપુષભાઈએ જરૂરિયાતમંદ રિક્ષા ચાલકોને 1 લાખનો અકસ્માત વીમો સમાજ દ્વારા મફત વિતરણ કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખ જયેશ શાહ, મંત્રી સંજય બડોલા દ્વારા આભારવિધી કરવામાં આવી હતી

# 23-01-2017 to 29-01-2017 Weckly Call detail.

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| 0 | Miss Calls | 17 | 44 |
| | Drop calls | 22 | |
| | Wrong Calls | 2 | |
| | Blank calls | 3 | |
| 1 | Information Calls | 62 | |
| 2 | Receive Calls | 61 | |
| 3 | Follow up Calls | 67 | |
| | Total Calls | 234 | |

| Category | Number of Calls | Total |
|---|---|---|
| Male | 109 | 234 |
| Female | 53 | |
| NA | 72 | |
| Student | 16 | |

**મુદા નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઈવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઈન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્રારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઈ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- નેશનલ હાઈવે નંબર ૮ ઉપર નાઈટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઈઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઈટ રાખી શક પડતા ઈસમો, એમ.સી.આર.ઈસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્રારા જાહેર સ્થળો, વાયટલ ઈન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.